©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] SATURDAY, 14th FEBRUARY, 2026/MAGHA 25, 1947 [No. 08

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/વશી/ડ્રોન-ફટાકડા/પ્રતિબંધ/૯૫-૧/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/ડ્રોન/જા.નં. ૬૭૨/૨૦૨૫, તા. ૦૯-૦૫-૨૦૨૫ ના પત્રથી જણાવ્યા અનુસાર રાષ્ટ્રમાં પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લેતા પોરબંદર જિલ્લા વિસ્તારના નાગરિકોમાં ભય જેવી પરિસ્થિતી ઉભી ન થાય તેમજ નાગરિકોના જાન માલની સુરક્ષાને ધ્યાને લઈ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાવવા પર તેમજ તમામ પ્રકારના ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવવા માટે દરખાસ્ત થઈ આવેલ છે. આમ હાલની પરિસ્થિતી ધ્યાને લેતા લોકોમાં ભય ન ફેલાય અને કોઈપણ પ્રકાર રીતે જાહેર વ્યવસ્થા ન ખોરવાય તે માટે પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાવવા કે તમામ પ્રકારના ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

જેથી હું, **જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર** ભારતીય ન્યાય સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાવવા પર અને તમામ પ્રકારના ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત સમય :

આ હુકમ તા. ૦૯-૦૫-૨૦૨૫ થી તા. ૨૪-૦૫-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા(BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રીથી એ.એસ.આઈ. સુધીનો હોદો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો પાસેથી જાહેર વ્યવસ્થા કે લોકોમાં ભય ફેલાય તેવો કોઈપણ સામાન પોલીસ તપાસ અર્થે કબ્જે લઈ શકશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટીસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂ છું. આ હુકમ પોરબંદર જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ રોજ તા. ૦૯-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

પોરબંદર, ૦૯ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

વંચાણે લીધા :

અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : એમએજી/વશી/ડ્રોન-ફટાકડા/પ્રતિબંધ/૯૫-૧/૨૦૨૫, તા. ૦૯-૦૫-૨૦૨૫.

સુધારા જાહેરનામું

નં. એમએજી/વશી/ડ્રોન-ફટાકડા/પ્રતિબંધ/૧૨૫-૧/૨૦૨૫.-વંચાણે લીધા તા. ૦૯-૦૫-૨૦૨૫ ના જાહેરનામાથી રાષ્ટ્રમાં પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લેતા પોરબંદર જિલ્લા વિસ્તારના નાગરિકોમાં ભય જેવી પરિસ્થિતી ઉભી ન થાય તેમજ નાગરિકોના જાન માલની સુરક્ષાને ધ્યાને ભારતીય ન્યાય સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાવવા પર અને તમામ પ્રકારના ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવવા તા. ૦૯-૦૫-૨૦૨૫ થી તા. ૨૪-૦૫-૨૦૨૫ ની મુદત સુધી જાહેરનામું બહાર પાડવામાં આવેલ.

સદર જાહેરનામાની અમલવારી તા. ૦૯-૦૫-૨૦૨૫ થી તા. ૧૫-૦૫-૨૦૨૫ સુધીની કરવા પુરતો સુધારા જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

વંચાણે લીધા તા. ૦૯-૦૫-૨૦૨૫ ના જાહેરનામાની અન્ય શરતો યથાવત રહેશે.

પોરબંદર, ૧૨ માહે મે, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું

વંચાણે લીધા : પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/પથિક જા.ના/દરખાસ્ત/૧૦૬૦/૨૦૨૫, તા. ૨૮-૦૬-૨૦૨૫.

જાહેરનામું

નં. એમએજી/વશી/પથિક સોફ્ટવેર/૩૦૬-૧/૨૦૨૫.-વંચાણે લીધા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના તા. ૨૮-૦૬-૨૦૨૫ થી 'પથિક' "Pathik Programme for Analysis of Travelers and Hotel Informatics" સોફ્ટવેર અંગેનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું તા. ૨૮-૦૪-૨૦૨૫ થી બહાર પાડેલ અને આ જાહેરનામાની મુદત તા. ૨૯-૦૬-૨૦૨૫ ના રોજ પુર્ણ થવાની હોય વધુ મુદત માટેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરની દરખાસ્ત અન્વયે ઉપરની વિગતે પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે સારૂ સાવચેતીના પગલાની આવશ્યકતા છે.

સબબ, હું **જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) પોરબંદર જિલ્લાના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના તમામ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળાના માલિકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે દરેક હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળા ખાતે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવું. જેમાં અમદાવાદ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ 'પથિક' "Pathik Programme for Analysis of Travelers and Hotel Informatics" સોફ્ટવેર ઈન્સ્ટોલ કરાવી, રજીસ્ટરમાં થતી એન્ટ્રી આ સોફ્ટવેરમાં પણ કરવાની રહેશે.

(૨) પોરબંદર જિલ્લાની તમામ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળા ખાતે પ્રાંત/રાજ્ય/દેશ/વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગત આ 'પથિક' "Pathik Programme for Analysis of Travellers and Hotel Informatics" સોફ્ટવેરમાં હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળાના માલિક/સંચાલકે અવશ્ય કરવી.

(૩) આ જાહેરનામું પ્રસિધ્ધ થયે સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી કરવા માટે એસ.ઓ.જી. શાખા (HMP કોલોની, બંગલા નં. ૦૩) પોરબંદર ખાતેથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળાના માલિક/સંચાલકએ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળાની વિગતો રજુ કરી યુઝર આઈડી-પાસવર્ડ તાત્કાલિક મેળવી લેવાના રહેશે.

આ જાહેરનામું તા. ૦૧-૦૭-૨૦૨૫ થી તા. ૨૯-૦૮-૨૦૨૫ (આ જાહેરનામું બીજો હુકમ થતાં) સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધી કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન, ગ્રામ પંચાયત, નગરપાલિકા, તાલુકા પંચાયતના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે.

આજ તા. ૩૦-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૩૦ માહે જુન, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું

વંચાણે લીધા : પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/પથિક જા.ના/દરખાસ્ત/૧૯૮૮/૨૦૨૫, તા. ૨૬-૧૦-૨૦૨૫.

જાહેરનામું

નં. એમએજી/વશી/પથિક સોફ્ટવેર/૨૮૧૦-૩/૨૦૨૫.-વંચાણે લીધા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના તા. ૨૬-૧૦-૨૦૨૫ થી 'પથિક' "Pathik Programme for Analysis of Travelers and Hotel Informatics" સોફ્ટવેર અંગેનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું તા. ૨૮-૦૮-૨૦૨૫ થી બહાર પાડેલ અને આ જાહેરનામાની મુદત તા. ૨૯-૧૦-૨૦૨૫ ના રોજ પુર્ણ થવાની હોય વધુ મુદત માટેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરની દરખાસ્ત અન્વયે ઉપરની વિગતે પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે સારૂ સાવચેતીના પગલાની આવશ્યકતા છે.

સબબ, હું **જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) પોરબંદર જિલ્લાના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના તમામ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળાના માલિકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે દરેક હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળા ખાતે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવું. જેમાં અમદાવાદ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ 'પથિક' "Pathik Programme for Analysis of Travelers and Hotel Informatics" સોફ્ટવેર ઈન્સ્ટોલ કરાવી, રજીસ્ટરમાં થતી એન્ટ્રી આ સોફ્ટવેરમાં પણ કરવાની રહેશે.

(૨) પોરબંદર જિલ્લાની તમામ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળા ખાતે પ્રાંત/રાજ્ય/દેશ/વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગત આ 'પથિક' "Pathik Programme for Analysis of Travellers and Hotel Informatics" સોફ્ટવેરમાં હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળાના માલિક/સંચાલકે અવશ્ય કરવી.

(૩) આ જાહેરનામું પ્રસિધ્ધ થયે સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી કરવા માટે એસ.ઓ.જી. શાખા (HMP કોલોની, બંગલા નં. ૦૩) પોરબંદર ખાતેથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળાના માલિક/સંચાલકએ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળાની વિગતો રજુ કરી યુઝર આઈડી-પાસવર્ડ તાત્કાલિક મેળવી લેવાના રહેશે.

આ જાહેરનામું તા. ૩૧-૧૦-૨૦૨૫ થી તા. ૨૯-૧૨-૨૦૨૫ (આ જાહેરનામું બીજો હુકમ થતાં) સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધી કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન, ગ્રામ પંચાયત, નગરપાલિકા, તાલુકા પંચાયતના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે.

આજ તા. ૨૮-૧૦-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૨૮ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

હુકમ

નં. એમએજી/વશી/ગ્રા.પં.ચૂં./૧૩૬-૧/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ તા. ૨૮-૦૫-૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૨૨-૦૬-૨૦૨૫ ના રોજ મતદાન થનાર છે તેમજ તચા. ૨૫-૦૬-૨૦૨૫ ના રોજ મતગણતરી થનાર છે. રાજય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની

જાહેરાત તા.૨૮-૦૫-૨૦૨૫ ના રોજ કરવમાં આવેલ છે. સદરહું તારીખથી પોરબંદર જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૫ હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

ક્રમ	તાલુકાનું નામ	મતગણતરીનું સ્થળ
૧	પોરબંદર	શ્રી કે. એચ. માધવાણી કોલેજ, નેશનલ હાઈવે, પોરબંદર
૨	રાણાવાવ	સરકારી હાઈસ્કુલ, રાણાવાવ
૩	કુતિયાણા	સરકારી હાઈસ્કુલ, કુતિયાણા

ઉપરોકત મતગણતરી કેન્દ્રો ખાતે તા. ૨૫-૦૬-૨૦૨૫ ના રોજ મતગણતરીની કાર્યવાહી શાંતિપૂર્ણ વાતાવરણમાં થઈ શકે, મતગણતરી દરમ્યાન કોઈપણ વ્યકિત ખલેલ પહોંચાડે નહી તથા મતગણતથરી સ્થળે વ્યવસ્થામાં કોઈ બાધા કે વિક્ષેપ ન થાય તે માટે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાતો હોય, રાજય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-નપા-નપં-સચલ-૯૯, તા. ૨૨-૧૨-૧૯૯૯ ના આદેશ મુજબ તથા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લા,** પોરબંદર ઉકત જણાવેલ મતગણતરી કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં તા. ૨૫-૦૬-૨૦૨૫ ના રોજ નીચે જણાવ્યા મુજબ અમલવારી કરવા હુકમ ફરમાવું છું.

: કૃત્યો :

૧. કોઈપણ વ્યકિત સક્ષમ અધિકારી તરફથી ઈસ્યુ કરવામાં આવેલ ફોટોગ્રાફ સહિતના અધિકૃત પ્રવેશ પાસ વિના મતગણતરી કેન્દ્રમાં દાખલ થશે નહીં તેમજ આવા પ્રવેશ પાસ સરળતાથી દેખાઈ આવે તે રીતે પ્રદર્શીત કરશે.

૨. મતગણતરી કેન્દ્રની આસપાસના ૨૦૦ મીટર વિસ્તારમાં સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતાં વધુ વ્યકિતઓ એકત્રીત થઈ શકશે નહી અથવા કોઈ સભા ભરી શકશે નહી કે કોઈ સરઘસ કાઢી શકશે નહી.

૩. કોઈપણ વ્યકિત કે જેમાં ઉમેદવાર, તેમના ચૂંટણી એજન્ટ તેમજ મતગણતરી એજન્ટ સહિતના કોઈપણ વ્યકિત મતગણતરી હોલમાં કે મતગણતરી કેન્દ્રની કમ્પાઉન્ડ વોલ સહિતના પ્રીમાઈસીસમાં મોબાઈલ ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશાવ્યવહારના અન્ય કોઈ ઉપકરણો લઈ જશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

૪. ઉમેદવાર, તેમના ચૂંટણી એજન્ટ કે તેમના મતગણતરી એજન્ટ કે જેમને જે-તે મતદાર વિભાગના મતગણતરી હોલમાં પ્રવેશ માટે પ્રવેશ પાસ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે સિવાયના અન્ય મતદાર વિભાગના મતગણતરી હોલમાં પ્રવેશી શકશે નહી.

૫. મતગણતરી સ્થળમાં પ્રવેશ માટેના પાસ ઈસ્યુ કરવા માટે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

૬. મતગણતરી કેન્દ્ર પર સક્ષમ અધિકારીશ્રીએ નક્કી કરેલ પાર્કીંગ સ્થળે જ વાહન પાર્કીંગ કરવાનું રહેશે.

: અપવાદ :

આ હુકમના ખંડ-૨, ૩ અને ૬ માંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

૧. મતગણતરી તેમજ મતગણતરીના સંચાલન અંગેની ફરજ જે અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને સોંપવામાં આવેલ છે તે તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા

૨. ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડના અધિકારી તથા જવાનો

આ જાહેરનામું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખ એટલે કે તા. ૨૫-૦૬-૨૦૨૫ ના રોજ અમલમાં રહેશે તેમજ આ હુકમની બહળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ આદેશની તમામને જાણકારી અર્થે પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરએ બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ તા. ૧૮-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કા સાથે આદેશ બહાર પાડયો.

પોરબંદર, ૧૮ માહે જુન, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/વશી/ડ્રોન-ફટાકડા/પ્રતિબંધ/૧૩૬-૧/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : LIB/UAV-DRONE/પ્રતિબંધ/જા.ના./૯૫૫/૨૦૨૫, તા. ૧૩-૦૬-૨૦૨૫ ના પત્રથી જણાવ્યા અનુસાર રાષ્ટ્રમાં પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લેતા પોરબંદર જિલ્લા વિસ્તારના નાગરિકોમાં ભય જેવી પરિસ્થિતી ઉભી ન થાય તેમજ નાગરિકોના જાન માલની સુરક્ષાને ધ્યાને લઈ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાવવા પર તેમજ તમામ પ્રકારના ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવવા માટે અત્રેથી પ્રસિધ્ધ કરેલ જાહેરનામાની મુદત તા. ૦૯-૦૬-૨૦૨૫ ના રોજ પુર્ણ થઈ ગયેલ હોવાથી અને પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગાંધીનગરના પત્ર ક્રમાંક : જી-૧/કા.વ્ય-૨/ડઉવ-૨૭/૪૨૨/૨૦૨૫, તા. ૧૧-૦૬-૨૦૨૫ થી ડ્રોનના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા માટે જાહેરનામું બહાર પાડવા જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ હોવાથી ડ્રોનના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

આમ હાલની પરિસ્થિતી ધ્યાને લેતા લોકોમાં ભય ન ફેલાય અને કોઈપણ પ્રકાર રીતે જાહેર વ્યવસ્થા ન ખોરવાય તે માટે પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ ફરમાવું છું.

જેથી હું, **જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર** ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તમામ પ્રકારના ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત સમય :

આ હુકમ તા. ૧૩-૦૬-૨૦૨૫ થી તા. ૨૬-૦૬-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા(BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રીથી એ.એસ.આઈ. સુધીનો હોદો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો પાસેથી જાહેર વ્યવસ્થા કે લોકોમાં ભય ફેલાય તેવો કોઈપણ સામાન પોલીસ તપાસ અર્થે કબ્જે લઈ શકશે.

તમામને વ્યકિતગત રીતે આ નોટીસની બજવણી કરવી શકય ન હોય એકતરફી હુકમ કરૂ છું. આ હુકમ પોરબંદર જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ રોજ તા. ૧૩-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કા હેઠળ હુકમ કર્યો.

પોરબંદર, ૧૩ માહે જુન, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું

જાહેરનામું

નાં. એમએજી/વશી/૧૬૩/૩૧૫-૧/૨૦૨૫.-પોરબંદર જિલ્લાના જુદા જુદા બંદરોથી માછીમારી માટે માછીમારો સમુદ્રમાં જાય છે. સમુદ્રમાં ગયા પછી વાવાઝોડા, વરસાદ કે હવામાન અગેની અન્ય આગાહીઓ સબધે આવા સમુદ્રમાં રહેલ માછીમારોને ચેતવણી પહોચાડવી શકય હોતી નથી તેમજ જુન માસથી દરીયો તોફાની થઈ જાય છે. માછીમારોને સામાન્ય રીતે જુન માસથી સમુદ્રમાં માછીમારી માટે જવું વિશેષ જોખમકારક હોય છે. મત્સ્યોદ્યોગ ખાતુ તથા પોર્ટ ઓફિસરશ્રી દ્વારા આવા માછીમારોને આવી સીઝનમાં સમુદ્રમાં જવા માટે પરવાનગી આપવામાં આવતી નથી, તેમ છતા, અનધિકૃત રીતે કોઈ માછીમાર માછીમારી માટે સમુદ્રમાં ચાલ્યા જાય અને વાવાઝોડા, વરસાદ કે ભારે પવનનાં કારણે સમુદ્ર તોફાની બને તેવા સજોગોમાં સમુદ્રમાં ચાલ્યા ગયેલ માછીમારોના જીવનુ જોખમ ઉભુ થાય તેવી સભાવના છે. તેથી આવા માછીમારોને સમુદ્રમાં ગેરકાયદેસર રીતે જતા અટકાવવા મત્સ્યોદ્યોગ અધિક્ષકશ્રી, પોરબંદરએ તા. ૨૯-૦૫-૨૦૨૫ થી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત મને વ્યાજબી જણાય છે

સબબ, હું, **જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તા રૂએ આથી ફરમાવું છું કે, પોરબંદર જિલ્લાના સમગ્ર દરિયાકાંઠા થી કે ક્રિક એરીયામાં કોઈપણ માછીમારોએ કે અન્ય કોઈ વ્યકિતઓએ તા. ૦૧-૦૬-૨૦૨૫ થી તા. ૩૦-૦૭-૨૦૨૫ (બંને દિવસો સહિત) ના સમય દરમ્યાન માછીમારી માટે અન્ય કોઈ હેતુસર સમુદ્રમાં કે ક્રિક એરીયામાં જવું નહી અને કોઈપણ બોટની અવર-જવર કરવી નહી.

: અપવાદ :

(૧) પોર્ટ ઉપર આવતા વ્યાપારીક જહાજોને

(૨) લશ્કરી દળો, અર્ધ લશકરી દળો, પોલીસ દળો, ગુજરાત મેરીટાઈમ બોર્ડની બોટો

(૩) નોન મોટરાઈઝડ ક્રાફટ (લાકડાની બિન યાંત્રિક એક લાકડી હોડી અને શઢવાળી હોળી) તથા પગડીયા માછીમારો

આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજજા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની વર્તમાનપત્રોની મારફત બહોળી પ્રસિધ્ધિ કરવી.

આજ તા. ૩૧-૦૫-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૩૧ માહે મે, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)(એફ) નું જાહેરનામું

હુકમ

નાં. એમએજી/સી/પરીક્ષા/૩૭(૧)(એફ)/૧૬૬-૧/૨૦૨૫.-સભ્ય સચિવ જિલ્લા પરીક્ષા સમિતિ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : પશા/જા.પ./૨૦૨૫/૬૧૬, તા. ૧૩-૦૬-૨૦૨૫ ના પત્રથી થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા પોરબંદર જિલ્લામાં તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૧-૦૭-૨૦૨૫ દરમ્યાન સવારે ૧૦-૦૦ થી ૧૩-૧૫ સુધી ધોરણ-૧૦ (એસ.એસ. સી.) ની પરીક્ષા તથા તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૦૩-૦૭-૨૦૨૫ દરમ્યાન સવારે ૧૦-૩૦ થી ૧૩-૪૫ અને બપોરે ૦૩-૦૦ થી ૦૬-૧૫ સુધી ધોરણ-૧૨(એચ.એસ.સી.) સામાન્ય પ્રવાહ તથા તા. ૨૩-૦૬-૨૦૨૫ થી તા. ૩૦-૦૬-૨૦૨૫ દરમ્યાન બપોર ૦૩-૦૦ થી ૬-૩૦ સુધી ધોરણ-૧૨ (એચ.સી.સી.) વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાઓ પોરબંદર જિલ્લાના પરીક્ષા કેન્દ્ર ખાતે યોજાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓના ભાવિ ઉપર અસર પડવાની સંભાવના હોય તે સંજોગોમાં કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો, મોબાઈલ ફોન, ઈલેકટ્રોનીકસ ઉપરકરણો દ્વારા તેમજ ફોટોસ્ટેટ મશીન દ્વારા પરીક્ષા ખંડમાં પહોંચવાની પુરેપુરી શક્યતા અને સંભાવના રહેલ હોય ઈલેકટ્રોનિકસ ઉપકરણો લઈ જવા ઉપર મનાઈ ફરમાવવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્તની વિગતે પરીક્ષાર્થીઓને માનસીક પરીતાપ ન થાય, પરીક્ષાઓ ચોરીઓના દુષણ વગર શાંત અને એખલાસભર્યા વાતાવરણમાં યોજાય અને જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)(એફ) મુજબ પગલા લેવાનું પુરતુ કારણ છે.

સબબ હું, **જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧)(એફ) મુજબ મને મળેલા અધિકારની રૂઈએ પોરબંદરના જિલ્લા ખાતેના સામેલ પરિશિષ્ટ-અ માં દર્શાવેલ તારીખો તથા સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૨૦૦ મીટરના વિસ્તારની હદમાં ફોટોસ્ટેટ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ/મશીનધારકોએ તેમના ઝેરોક્ષ મશીનો ચાલુ રાખવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોના પરિસરમાં કે પરીક્ષા ખંડોમાં ગેરરીતી/ચોરીઓના દુષણો ન થાય તે હેતુથી મોબાઈલ, કેલ્કયુલેટર, ડિજીટલ વોચ, કોઈપણ પ્રકારના ઈલેકટ્રીકલ, મીકેનીકલ, ઈલેકટ્રોનિક ઉપકરણો તેમજ ગેરરીતી આચરવા કોમ્યુનીકેશન થઈ શકે એવો કોઈ પણ પ્રકારના સાધનો/ઉપકરણો લઈ જવા પર મનાઈ ફરમાવું છું.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ અન્વયે સજા થઈ શકશે.

આ હુકમમાં જેને મુકિત આપવામાં આવી હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને લાગુ પડશે નહી. તેમજ પરીક્ષા જે દિવસે ન હોય તે સમયગાળા દરમ્યાન લાગુ પડશે નહી.

આ હુકમ આજરોજ તા. ૧૬-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે પ્રસિધ્ધ કર્યો.

પોરબંદર, ૧૬ માહે જુન, સને ૨૦૨૫.

જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, પોરબંદર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની
કલમ-૩૭(૧)(એફ), ૩૭(૩) હેઠળના જાહેરનામા
ક્રમાંક : એમએજી/સી/પરીક્ષા/૩૭(૧)(એફ)/૩૭(૩)/૧૬૬-૧/૨/૨૦૨૫, તા. ૧૬-૦૬-૨૦૨૫ સાથેનું

પરિશિષ્ટ-''અ''

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ ગાંધીનગર દ્વારા

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (સામાન્ય/વિજ્ઞાન) પ્રવાહની જુન-૨૦૨૫ ની પુરક પરીક્ષાઓ

પરીક્ષા સ્થળોની વિગત દર્શાવતું પરિશિષ્ટ-''અ''

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ અને સરનામું		પરીક્ષાની તારીખ અને સમય
	ધોરણ-૧૦ ના પરીક્ષાના કેન્દ્રો		
૧	નવયુગ વિદ્યાલય પોરબંદર	ભાવસિંહજી હોસ્પીટલ પાસે, પોરબંદર	તા. ૨૩-૦૬-૨૦૨૫, તા. ૨૪-૦૬-૨૦૨૫, તા. ૨૫-૦૬-૨૦૨૫, તા. ૨૬-૦૬-૨૦૨૫, તા. ૨૮-૦૬-૨૦૨૫, તા. ૩૦-૦૬-૨૦૨૫, તા. ૦૧-૦૭-૨૦૨૫ ના સમય ૦૯-૩૦ થી ૧૩-૩૦ કલાક સુધી
૨	મ. શ્રી. બાલુબા કન્યા વિદ્યાલય પોરબંદર	જુના ફુવારા પાસે, પોરબંદર	
૩	શ્રીમતી કે. બી. જોષી કન્યા વિદ્યાલય, છાંયા	છાંયા મેઈન રોડ, છાંયા	
૪	શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ છાંયા	છાંયા મેઈન રોડ, છાંયા	
૫	સેન્ટ જોસેફ સ્કુલ	ખાપટ, પોરબંદર	

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ અને સરનામું		પરીક્ષાની તારીખ અને સમય
ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) ના પરીક્ષાના કેન્દ્રો			
૧	ડિવાઈન પબ્લીક સ્કુલ બોખીરા	રીલાયન્સ પેટ્રોલ પમ્પ પાછળ, નેશનલ હાઈવે, બોખીરા, પોરબંદર	તા. ૨૩-૦૬-૨૦૨૫, તા. ૨૪-૦૬-૨૦૨૫, તા. ૨૫-૦૬-૨૦૨૫, તા. ૨૬-૦૬-૨૦૨૫, તા. ૨૮-૦૬-૨૦૨૫, તા. ૩૦-૦૬-૨૦૨૫, તા. ૦૧-૦૭-૨૦૨૫ ના સમય ૦૯-૩૦ થી ૧૮-૩૦ કલાક સુધી
ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) ના પરીક્ષાના કેન્દ્રો			
૧	સાંદીપની ઈંગ્લીશ મિડીયમ સ્કુલ, પોરબંદર	હરી મંદિર પાછળ, એરપોર્ટ પાસે, સાંદીપની રોડ, પોરબંદર	તા. ૨૩-૦૬-૨૦૨૫, તા. ૨૪-૦૬-૨૦૨૫, તા. ૨૫-૦૬-૨૦૨૫, તા. ૨૬-૦૬-૨૦૨૫, તા. ૨૮-૦૬-૨૦૨૫, તા. ૩૦-૦૬-૨૦૨૫, ના સમય ૦૨-૩૦ થી ૧૮-૩૦ કલાક સુધી

જે. બી. વદર
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.04.18 09:16:50 IST